| | |
|---|---|
| રજુ કર્યા તારીખ: | ૦૭/૦૭/૨૦૨૩ |
| દાખલ કર્યા તારીખ: | ૦૭/૦૭/૨૦૨૩ |
| ફેસલ કર્યા તારીખ: | ૧૩/૦૩/૨૦૨૬ |
| સમયગાળો | **વર્ષ ૨ મહિના ૮ દિવસ ૬** |

## મે.પ્રિન્સીપાલ સીવીલ જજ સાહેબની કોર્ટ સમક્ષ મુ–તિલકવાડા

વારસા પરચુરણ અરજી નં.૦૧/૨૦૨૩

આંક

**અરજદાર :–** જીવણભાઈ રામાભાઈ તડવી

ઉ.વ.૫૫,ધંધો–ખેતી,

રહે.મુ.જેતપુર,તા.તિલકવાડા, જી.નર્મદા.

**વિરૂધ્ધ**

**સામાવાળા:–** કોઈ નહી

**વિષય :** ઈન્ડિયન સકશેસન એકટની કલમ ૫૭ અને ૨૧૩ મુજબ ગુજરનાર મધુબેન દલાભાઈ તડવીના વીલનુ પ્રોબેટ મેળવવા બાબતે

**અરજદાર તરફે વિ,વ.શ્રી એસ.ડી.પરમાર**

**સામાવાળા તરફે કોઇ નહિ**

**<u>-:હુકમ :-</u>**

(૧) અરજદારની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, અરજદાર ખેતીકામ કરી તેઓનું તથા તેમના ઘર પરીવારનું જીવન ગુજરાન ચલાવે છે. વીલ કરી આપનાર મૈયત મધુબેન દલાભાઈ તડવી અરજદારના કાકી થાય છે તથા તેઓનાં સંતાનો નામે (૧) રણછોડભાઈ દલાભાઈ તડવી (નિ:સંતાન) મરણ તા.૦૧/૦૮/૨૦૧૪ તથા (૨)ભગવાનભાઈ ઉર્ફે ભગુભાઈ દલાભાઈ તડવી (નિ:સંતાન) મરણ તા.૦૧/૦૮/૨૦૧૬ તથા (૩) ચંપાબેન દલાભાઈ તડવી મરણ તા.૧૫/૧૨/૨૦૧૪ ના રોજ મરણ ગયેલ છે તથા મધુબેન દલાભાઈ તડવી નિ:સંતાન હોય અરજદાર તેઓની સેવાચાકરી કરતા અને તેઓની દેખભાળ રાખતા હોય તેઓએ પોતાની મીલકતની કાયદેસરની વ્યવસ્થા કરવાના હેતુથી તેઓની હયાતીમાં જ તા. ૨૭/૦૬/૨૦૧૬ ના રોજ આખરી અને છેલ્લુ વીલ કરેલ જે વીલ તેઓના પોતાની તંદુરસ્ત અવસ્થામાં તન-મનના સાવધપણામાં નોટરી સાહેબશ્રી, તિલકવાડા મુકામે સીરીયલ નં.-૬૧૯૪ થી વીલ સાક્ષીઓ રૂબરૂ કરી આપેલ. સદર વીલ કરનારે વીલથી લખી આપેલ મીલકતનું વર્ણન નીચે મુજબ છે. વીલ કરી આપનાર મૈયત મધુબેન દલાભાઈ તડવીનાઓની વીલથી લખી આપેલ મિલકત મોજે ગામ જેતપુર,તા.તિલકવાડા જિ.નર્મદાના સીમમાં નીચે મુજબની ખેતીની જમીન આવેલ છે.

| ખાતા નં. | જુનો સર્વે નં. | નવો સર્વે નં. | ક્ષેત્રફળ હે. આરે. | આકાર રૂ. | ગામનું નામ |
|---|---|---|---|---|---|

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૧૯ | ૩૩/૨ | ૪૮ | ૧-૧૭-૮૦ | ૭.૧૦ | જેતપુર,તા.તિલકવાડા,જી.નર્મદા |
| ૧૧૯ | ૪૦ | ૬૦ | ૦-૨૯-૩૫ | ૧.૫૫ | |

વીલ કરી આપનાર મૈયત મધુબેન દલાભાઈ તડવી તા.૧૦/૧૨/૨૦૧૯ રોજ વૃધ્ધ ઉમર હોવાના કારણે કુદરતી રીતે અરજદારના ઘરે જતપુર તા.તિલકવાડા જિ. નર્મદા મુકામે ગુજરી ગયેલ. તેઓના મરણનો દાખલો આ સાથે અલગ યાદીથી સામેલ છે. વીલમાં ગુજરનારે હાલના અરજદારને એક્ઝીક્યુટર તરીકે નિયુક્ત કરેલ છે જેથી અરજદારે આપ નામદાર કોર્ટમાં CMA નં.૦૩/૨૦૨૨ થી પ્રોબેટ મેળવવા અરજ ગુજારેલ હતી પરંતુ તેમાં શરતચૂકથી મૈયત તડવી મધુબેન દલાભાઈનાં બદલે ભગવાનભાઈ ઉર્ફે ભગુભાઈ દલાભાઈ તડવીના પ્રોબેટ મેળવવાની દાદ માંગેલ હોય જેથી અરજદારે સદર અરજી નવેસરથી કરવાની શરતે તા.૩૦/૦૬/૨૦૨૩ નાં રોજ પરત ખેંચી લીધેલ છે જેથી મૈયત મધુબેન દલાભાઈ તડવીનાં વીલના આધારે નવેસરથી હાલની આ પ્રોબેટ મેળવવાની અરજી કરવાની ફરજ પડેલ છે. વીલ કરી આપનાર મૈયત મધુબેન દલાભાઈ તડવી મોજે ગામ જેતપુર,તા.તિલકવાડા,જિ.નર્મદા મુકામના કાયમી રહેવાસી હોય, પરંતુ તેઓની વૃધ્ધ ઉમરના કારણે છેલ્લા ઘણા વર્ષથી અરજદારની સાથે જ રહેતા આવેલ જેથી અરજદારનું રહેણાંકનું સરનામું તથા વીલ કરી આપનાર મૈયત મધુબેન દલાભાઈ તડવીનાઓનું રહેણાંક આપ નામદાર કોર્ટની હકુમતમાં આવેલ હોય જેથી હાલની આ અરજ ચલાવવાની હકુમત આપ નામદારને છે. અરજદાર આપ નામદાર સમક્ષ દાદ માંગે છે કે, અરજદાર વીલ કરી આપનાર મૈયત મધુબેન દલાભાઈ તડવી નામનું રજુ કરેલ વીલનું પ્રોબેટ કાઢી આપતો ન્યાયી હુકમ અરજદારના લાભમાં કરવા મહેરબાની

કરશોજી. હકીકત ઉપરથી આપ નામદાર કોર્ટને યોગ્ય અને મુનાસીબ લાગે તેવી ન્યાચી દાદ અરજદારના લાભમાં કરી આપવા મહેરબાની કરશોજી. હકીકત પરથી આપ નામદાર કોર્ટને યોગ્ય અને મુનાશીબ લાગે તેવી હરકોઈ ન્યાચી દાદ અરજદારના લાભમાં આપવા મેં.કરશોજી.

(૨) અરજદારે વારસા સર્ટિફીકેટ મેળવવા બાબતે જાહેર નોટીસ દૈનીક વર્તમાનપત્ર " સંદેશ " માં તારીખ ૧૩/૦૮/૨૦૨૩ નાં રોજ આપેલ જે જાહેર નોટીસ આંક–૩૨ થી રજુ છે જેમાં અરજદારને માંગ્યા મુજબનું વારસા સર્ટિફીકેટ ઈસ્યુ કરવા સામે લાગતી વળગતી કોઈપણ વ્યકિતને વાંધો યા તકરાર હોય તો માહિતગાર વકીલ યા જાતે વાંધા રજુ કરવા નોટીસ પ્રસિધ્ધ કરેલ છે જે નોટીસના અનુસંધાનમાં આજદીન સુધી કોઈ વ્યકિત હાજર થયેલ નથી કે કોઈ વાંધા રજુ થયેલ નથી. આમ અરજદારની અરજી બિન તકરારી રહેલ છે.

(3) અરજદાર તરફથી આ કામે નીચે મુજબનો મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**અરજદાર તરફે મૌખિક પુરાવો**

| ક્રમ | પુરાવો | આંક |
|---|---|---|
| ૧. | અરજદારની સોગંદ ઉપરની જુબાની | ૬ |
| ૨. | અરજદાર તરફે સાહેદ શંકરભાઇ ગોવિંદભાઇ તડવીની જુબાની | ૯ |
| ૩. | અરજદાર તરફે સાહેદ કિર્તનભાઇ ઇશ્વરભાઇ તડવીની જુબાની | ૧૧ |

**અરજદાર તરફે દસ્તાવેજી પુરાવો**

| ક્રમ | પુરાવો | આંક |
|---|---|---|
| ૧. | વિલની પ્રમાણિત નકલ | ૨૪ |
| ૨. | મધુબેન દલાભાઇ તડવીના મરણના દાખલાની પ્રમાણિત નકલ | ૨૫ |
| ૩. | રણછોડભાઇ દલાભાઇ તડવીના મરણના દાખલાની પ્રમાણિત નકલ | ૨૬ |
| ૪. | ભગવાનભાઇ દલાભાઇ તડવીના મરણના દાખલાની પ્રમાણિત નકલ | ૨૭ |
| ૫. | ચંપાબેન દલાભાઇ તડવીના મરણના દાખલાની પ્રમાણિત નકલ | ૨૮ |
| ૬. | ખાતા નં.૧૧૯ ના ૮/અ ની પ્રમાણિત નકલ | ૨૯ |
| ૭. | જુનો સર્વે નં.૩૩૧૨,નવો ૪૮ ના ૭/૧૨ ની પ્રમાણિત નકલ | ૩૦ |
| ૮. | જુનો સર્વે નં.૪૦,નવો ૬૦ ના ૭/૧૨ ની પ્રમાણિત નકલ | ૩૧ |
| ૯. | અરજદારના આધાર કાર્ડની ઝેરોક્ષ | |
| ૧૦. | જાહેર નોટીસ પ્રસિધ્ધની પેપર નકલ | ૩૨ |

(૪) આ કામે અરજદાર તરફે પુરાવો પુરો થયાની કલોઝિંગ પુરસીસ આંક – ૩૬ રજુ કરેલ છે. આ કામના અરજદારન વકીલશ્રીની દલીલો સાંભળી.

**(૫)** અરજીના કથનો જોતા મારા નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>મુદ્દા</u>**

(૧) શું અરજદાર અરજીમાં માંગ્યા મુજબનું વારસા સર્ટીફીકેટ મેળવવા હકકદાર છે?

(૨) શું હુકમ ?

**(૬)** ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) હકારમાં

(૨) આખરી હુકમ મુજબ

**કારણો**

**(૭)** અરજદારની અરજી ધ્યાને લઈએ તો વીલ આધારે પ્રોબેટ સર્ટીફીકેટની માંગણી કરેલ છે અને આ તબકકે ઈન્ડીયન સકસેશન એકટની કલમ ૨ એચ વિલની વ્યાખ્યા ક્યાને લેવી ખુબ જ જરૂરી છે જે નીચે મુજબ છે.

The term will as defined under section 2 h of the Indian Succession Act means the legal declaration of the intention of a testator with respect to his property which he desires to take effect after his death. Thus the important characteristics of a Will are

1. There must be a legal declaration by the testator.
2. The declaration must be with respect to the property of the testator.
3. The declaration must be to the effect that it is to operate after the death of the testator and that it has to be given effect after the death of the testator.

4. That the declaration must be of the intention of the testator.

5. A Will is ambulatory until the death of testator i.e it is revocable by nature.

તેમજ ભારતીય પુરાવાની કલમ ૬૮ ધ્યાને લઈએ તો, if a document is requited by law to attested, it should not be used as evidence until one attesting witness at least has been called for the purpose of providing its execution, if there be an attesting witness alive and subject to the process of the court and capable of giving evidence.

(૮) આ કામે આંક–૧૯ થી વીલ યાને વસીયતનામું રજુ થયેલ છે. જે ધ્યાને લેતાં મઘુબેન દલાભાઇ તડવીનાઓએ અરજદારે અરજીમાં જણાવ્યા મુજબ તેઓના દિકરાઓ મરણ ગયેલ હોવાથી અરજદાર તેઓની સેવા ચાકરી કરતાં હોવાથી મઘુબેન દલાભાઇ તડવીનાઓએ તેમની હયાતીમાં તેઓની મિલકતની કાયદેસરની વ્યવસ્થા અરજદારના નામે તિલકવાડા મુકામે સીરીયલ નં.૬૧૯૪ થી વીલ સાક્ષીઓની રૂબરૂ કરી આપેલ છે. જે વીલ યાને વસીયતનામાંની હકીકતને સાક્ષીઓ શંકરભાઇ ગોવિંદભાઇ તડવીનાં આંક–૯ અને કિર્તનભાઇ ઇશ્વરભાઇ તડવીનાં આંક–૧૧ નાં સોગંદનામાંથી સમર્થના મળે છે. આમ, સદર રજીસ્ટર વિલ કાયદેસરની પ્રક્રિયા અનુસરી સાક્ષીઓની હાજરીમાં વિલ કરનારની સંમતીથી થયેલ હોવાનું જણાઈ આવે છે.

(૯) આમ, સદર કામે રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવા, દૈનિક સમાચાર પત્રમાં રજુ થયેલ જાહેર નોટીસ તેમજ વિલનાં સાક્ષીનાં સોગંદનામાં ઉપરથી જાહેર થાય છે કે, વિલ કરનાર મઘુબેન દલાભાઇ તડવીનાઓ સદરહું મિલકતનાં માલિક હતાં અને મરણજનાર વિલ કરનારનો ઈરાદો વિલથી સદર અરજવાળી

મીલકત આપવાનો હતો અને સદરહું વિલ ફાયદેસરનું, સાચું અને ખરું હોય અરજદાર સદરહું પ્રોબેટ સર્ટીફીકેટ મેળવવા માટે હકદાર હોવાનું જણાય છે અને સદર અરજમાં કોઈ વ્યક્તિને પ્રોબેટ આપવા સામે આપવા સામે વાંધો ન હોય તેમજ વિલનાં સાક્ષીથી પુરવાર થયેલ હોવાથી મુદા નં. ૧ નો જવાબ " હકાર" માં આપી મુદા નં. ૨ માટે નીચે મુજબનો હુકમ ફરવામાં આવે છે.

## આખરી હુકમ

(૧) અરજદારની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

(૨) અરજદાર જીવણભાઇ રામાભાઇ તડવીનાં નામનું પ્રોબેટ સર્ટીફીકેટ ગુજરનાર સ્વ.મધુબેન દલાભાઇ તડવીના તા. ૨૭/૦૬/૨૦૧૬ નાં રોજ કરેલ વીલ આધારે જરૂરી કોર્ટ ફી સ્ટેમ્પ રજુ કર્યેથી અરજદાર જીવણભાઇ રામાભાઇ તડવીને આપવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ–૧૩ મી માહે માર્ચ, સને–૨૦૨૬ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી જાહેર કર્યો.

તારીખ–૧૩/૦૩/૨૦૨૬
સ્થળ–તિલકવાડા

(મહેશ એલ.ચોથાણી)
પ્રિન્સિપલ સિવિલ જજ,
તિલકવાડા,જી.નર્મદા
જી.જે.૦૧૪૩૮